ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"જરૂર હોય તો લઈ જાવ, વધારે હોય તો મુકી જાઓ."

"વાહ...વાહ..! આજ કંઈ અલગ જ મુડ છે..?!"

"હા... આજ તો સલામ મારવી છે..! ગાંધીનગરના માર્ગ ઉપર નાનકડા મદદ શબ્દના સહારે મુકાયેલ હોર્ડિંગે લાગણીઓને ઝંકૃત કરી દીધી..!"

"કેવું પડે સાહેબ... કેવું પડે..!! આને સાચી સેવા કહેવાય..! બાકી તો ઢોલ વગાડી વગાડીને દાન કરાય છે... તક્તીઓની પરંપરા પ્રબળ બનતી જાય છે... અખબારોમાં ફોટા ચમકતા જાય છે... દાતાઓના સન્માન સમારંભો વાજતે ગાજતે થાય છે ત્યારે આ અભિગમ અભિનંદનીય છે... વંદનીય છે..!!"

"સો ટકા..! સાચ્ચે જ 'સેવા પરમો ધર્મ..!' બાકી તો સમાજમાં ગુપ્ત સેવાની પરંપરાને આગળ ધપાવનારા આજે પણ કાર્યરત છે..! વંચિતો-પિડીતોને અનાજની કીટથી માંડી ને ટીફિન સુધીની સેવા... સેવા વસ્તીના બાળકોને શિક્ષણ સેવા... અને દર્દથી કણસતા દર્દીઓને સારવાર સેવા... આજે પણ સરસ્વતી નદીની જેમ વહે છે..!"

"હા... એ તો એમના કારણે જ સમાજ સોહામણો લાગે છે..!! કંઈ જીવવા જેવું લાગતું હોય તો આ સેવાની સુગંધના કારણે જ... બાકી તો હું કરૂ... હું કરૂ એ જ અજ્ઞાનતા..!!"

"સાહેબ..! મેં તો એવા કેટલાય દાતાઓ જોયા છે કે ખોટા ખોટા કામો કરીને દાનેશ્વરી કહેવડાવે... સંતો-મહંતો - પ્રધાનો-સમાજસેવકો સાથે ફોટા પડાવે... અને પ્રભાવ જમાવે... એવું જ ને..?!"

"હા... હા... એવું જ..! 'એરણની ચોરી કરે, કરે સોયનું દાન... ઊંટે ચડી જોયા કરે... કેમ ના આવ્યું વિમાન..?!!' ખરેખર એવો જ ઘાટ છે..."

"પણ થાય શું હવે..?! સાચા ખોટાનો ભેદ ભુંસાતો જાય છે... ભુલાતો જાય છે. માનવતા અને માનવ મૂલ્યો ઘસાતા જાય છે, ત્યારે દંભ દેખાડા વધે છે..! મંચ-મેળાવડા વધે છે..! સત્કાર અને સન્માનો વધે છે..! એને જ કળિયુગ કહેવાય ને..?!"

"પણ રણમાં મીઠી વીરડીની જેમ... નામ-નિશાન વગરની સેવા માનવતાની મશાલ બની ઝળહળી રહી છે..! ત્યારે સેવાના નામે કૌભાંડો કરનારા કૌભાંડીઓને ખુલ્લા પાડવા જોઈએ..!"

"એકદમ સાચી વાત..! ખોટાને ખુલ્લા નહી પાડીએ તો સાચાની કિંમત નહીં સમજાય... પણ અત્યારે તો મહત્વનું એ છે કે, સાચાને સાથ આપીએ અને ખોટાને ખુલ્લા પાડીએ."

"ઓ હો..! તમે તો ગીતાનો સંદેશ આપવા માંડ્યા..!"

"પવિત્રાણાય સાધુનામ્ વિનાશાય ચ દુષ્કૃતામ..." આ ગીતાનો મંત્ર આજે પણ એટલો જ પ્રસ્તુત છે. હા... એ જ ગીતામાં અન્યાય ના પ્રતિકાર માટે લડવું પડે તો લડી લેવાનું..! પછી સામે ગમે તે હોય..!!"

"એટલે યુદ્ધ એજ કલ્યાણ... એમ જ ને..!?!"

"હા...હા...હા..! યુદ્ધત્વ બાદ જ બુદ્ધત્વ..! અને ત્યારે જ બધાની શાન ઠેકાણે આવશે..!!"

"વાહ..! આજ લડી લેવાનો મુડ છે..! શું લડીશું..?! કોની સામે લડીશું..?! કેવી રીતે લડીશુ..?! કોના માટે લડીશું..?! દસેય દિશાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજયમાં સૌથી વધુ ઠંડી ગાંધીનગરમાં

## લઘુત્તમ તામપાનમાં એક જ દિવસમાં ૪-૫ ડિગ્રીનો ઘટાડો : લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીએ પહોંચ્યું

ગાંધીનગર, તા.૧૯

ફરી એકવાર ઠંડીનું મોજું ફરી વળતા ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સુધી ગગડી ગયું હતું. એક જ દિવસમાં પારો ૪-૫ ડિગ્રી જેટલો ગગડતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા.

ઉત્તરાયણની આસપાસ લઘુત્તમ તાપમાન ૧૫-૧૬ ડિગ્રી સુધી પહોંચી જતા ભર શિયાળે ઉનાળો અનુભવાયો હતો. વસાહતીઓને ગરમ વસ્ત્રો ત્યજવાની ફરજ પડી હતી. ઘણા ઘરોમાં તો પંખા શરૂ થઈ ગયા હતા. લગભગ ચાર-પાંચ દિવસ સુધી ગરમી અનુભવાયા બાદ ગઈ કાલે રાત્રે અચાનક જ તાપમાનમાં ગીરાવટ આવી હતી. પારો ૪-૫ ડિગ્રી સુધી ગગડી જતા વસાહતીઓએ ઠંડી અનુભવી હતી. સાંજે ગરમ વસ્ત્રો ફરજિયાત પહેરવા પડે તેવી ઠંડી લાગતી હતી.

અચાનક જ ઠંડી વધતા વસાહતીઓએ ભારે આશ્ચર્ય અનુભવ્યું હતું. રાજયમાં સૌથી વધુ ઠંડી ગાંધીનગરમાં અનુભવાઈ હતી. લઘુત્તમ તાપમાનમાં અચાનક જ વધારો-ઘટાડો થતા વસાહતીઓ વાયરલ ઈન્ફેકશનથી પીડાઈ રહ્યા છે. ઘરે ઘરે શરદી, ખાંસી, તાવના દર્દીઓ જોવા મળી રહ્યા છે. હજુ છેક જાન્યુઆરીના અંત સુધી ઠંડીમાં વધારો-ઘટાડો થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં ૧૧૯ ઉમેદવારી પત્રો ભરાયા

## પેટા-ચૂંટણીમાં ઉમેદવારોનું મન માનતુ નથી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની ૧૦ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને ૧૦૭ વોર્ડની પેટા-ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રો ભરવાનો અંતિમ દિવસ છે. જો કે પંચાયતોની આ ચૂંટણીમાં પક્ષીય રાજકારણ નથી હોતુ પરંતુ તેણે જિલ્લામાં રાજકીય ઉત્તેજનાઓ જરૂર જગાવી છે.

૧૦ ગ્રામ પંચાયતોની સરપંચ પદ માટે ૨૩ સામાન્ય ચૂંટણી માટે આજ સુધીમાં ૧૧૯ ઉમેદવારીપત્રો ભરાયા છે. જો કે પંચાયતોની પેટા-ચૂંટણીમાં નબળો પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. ૧૦૦ વોર્ડ આ પેટાચૂંટણી પછી પણ ખાલી રહેશે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ ૧૦ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સરપંચ પદ માટે ૨૩ ઉમેદવારીપત્રો ભરાયા છે જ્યારે વોર્ડ બેઠકો માટે ૯૬ ઉમેદવારી પત્રો ભરાયા છે. ગ્રામ પંચાયતોની ખાલી પડેલી ૧૦૬ બેઠકોમાં માત્ર પાંચ ફોર્મ ભરાયા છે જ્યારે સરપંચ પદ માટે બે ફોર્મ ભરાયા છે.

જિલ્લામાં જે ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી છે તેમાં ૨૧ હજારથી વધુ મતદારો નોંધાયેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ગેરકાયદે હોટલો સામે તંત્રની લાલ આંખ!

## ૫૦ હોટલ માલિકોને નોટીસ ફટકારાઈ : મંગળવારે પ્રાંત અધિકારીની કોર્ટમાં પુરાવા સાથે હાજર રહેવા તાકીદ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર પ્રાંત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર શહેર અને તાલુકામાં ૫૦ જેટલી ગેરકાયદે હોટલોના માલિકોને નોટીસ આપી છે જેમાં મંગળવારે તેમની સમક્ષ હાજર થવા નહિ તો કાયદેસરની કાર્યવાહી માટે તૈયાર રહેવા જણાવાયું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગઈકાલથી આ ગેરકાયદે ચાલતી હોટલો સામેની ઝુંબેશ હાથ ધરાઈ છે અને પ્રથમ દિવસે જ ૨૧ જેટલી હોટલોના સંચાલકોને નોટીસ ફટકારવામાં આવી છે.

ગેરકાયદેસર હોટલમાં કેટલીક હોટલના માલિકોએ લાયસન્સ લીધું નથી તો કેટલાકે તે રિન્યુ કરાવવાની તસ્દી લીધી નથી એટલું જ નહિ મંજૂરી વગરનું બાંધકામ કર્યુ હોય તેવી બધી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧ના બગીચાનો પ્રસંગ માટે ઉપયોગ હરિયાળી અને સુંદરતા સામે ખતરો

## સેકટરવાસીઓ આગ બબુલા : કોર્પોરેશનના તંત્ર સમક્ષ રજુઆત : શહેરના મોટાભાગના ઉધાનો કંગાળ હાલતમાં

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓ પુર્વે હરિયાળી નિખરતા બાગ બગીચાઓ છેલ્લા ઘણાં વર્ષોથી ઉજ્જડ બન્યા છે. હરિયાળા ઉદ્યાનોની દરકાર ન લેવાતા સેકટરોના બગીચાઓમાં બાળકોને રમવાના સાધનો નથી. હરિયાળી અદ્રશ્ય થઈ ગઈ છે. ત્યારે ઉજ્જડ બનતા બગીચાઓ રાત્રિના અંધકારમાં અસામાજિક તત્વોનો અડ્ડો બની રહયા છે. આવા સંજોગોમાં બગીચાની વ્યાખ્યામાં આવતા સેકટર -૧ ના ઉદ્યાન સામે પણ ખતરો મંડરાયો છે. સે-૧ માં તળાવની સામે સ્થિત આ



બગીચાને લગ્ન પ્રસંગ માટે કોર્પોરેશન ભાડાપેટે આપે છે. પરંતુ લગ્ન પ્રસંગના ઉપયોગમાં લેવાતા બગીચાના ઉપયોગથી તેની હરિયાળી અને સુંદરતાને ઠેસ પહોંચતી હોવાનો આક્રોશ પણ સ્થાનિક નાગરિકોમાં પ્રબળ બન્યો છે. સે-૧ ના આ બગીચાના પ્રસંગોપાત ઉપયોગ સામે સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. આ મામલે કોર્પોરેશનને પણ રજુઆત કરી વિરોધ કરવામાં આવ્યો હતો. સ્થાનિક નાગરિકોની રજુઆતને ધ્યાને લઈ મ્યુનિ કમિશ્નરે સ્થળ મુલાકાત લઈ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે.

એક જમાનામાં શહેરના સેકટરોની આગવી ઓળખ સમાન ગણાંતા ઉદ્યાનો સમય જતા જાળવણીના અભાવે ઉજ્જડ બન્યા છે. કંગાળ ભાસતા આ ઉદ્યાનો આકર્ષણ ગુમાવી ચુક્યા છે. સેકટરોના બગીચાઓમાં સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. જયારે બાળકો માટેના આનંદ પ્રમોદના સાધનો પણ જોવા મળતા નથી. તો કેટલાક બગીચાઓમાં આ પ્રકારના

● અનુસંધાન પાન-૭ પર

### બગીચાને કોઈ નુકશાન થયુ નથી : મનપા

આ મામલે મ્યુનિ કમિશ્નરને રજુઆતના અંતે કમિશ્નરે આજે સ્થળ મુલાકાત લઈ બગીચાની સ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો. જયારે બગીચાને લગ્ન પ્રસંગ માટે કોર્પોરેશન દ્વારા ભાડા પેટે અપાયો હોવાનુ પણ તંત્રએ જણાંવ્યુ છે. જો કે બગીચાને કોઈ નુકશાન થયુ ન હોવાનુ પણ તંત્રએ જણાંવ્યુ છે.

# 'પદ્માવત'ના વિરોધમાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શન







## ગાંધીનગર જિલ્લાના મહુડી હાઈવે, જેઠીપુરા પાટીયા અને એસ.જી. હાઈવે પર સરગાસણ નજીક ટાયરો સળગાવી ચક્કાજામ કરાયો

'પદ્માવત' ફિલ્મનો વિવાદ વકરતો જાય છે અને કરણી સમાજ સુપ્રિમ કોર્ટે ફિલ્મને આપેલી લીલી ઝંડીથી નારાજ છે. ગઈ કાલે થિયેટરોની બહાર ટાયરો સળગાવીને થયેલા વરોધ પ્રદર્શન બાદ આજે પણ જિલ્લામાં ઠેર ઠેર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. આજે ગ્રામભારતીથી મહુડી હાઈવે ઉપર ટાયરો સળગાવીને ચક્કાજામ કરવામાં આવ્યો હતો તે ઉપરાંત જેઠીપુરા પાટીયાઅને સરગાસણ નજીક પણ ટાયરો રોડ ઉપર સળગાવીને ચક્કાજામ કરાવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

# બ્રહ્મ વિકાસ આયોગની માંગ સાથે ૨૬મીએ વિશાળ રેલી યોજાશે

## આંદોલન સમિતિ દ્વારા ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધી જંગી રેલીનું આયોજન : રેલીમાં ૧ લાખ ભુદેવો વાહનો સાથે જોડાશે : બ્રહ્મ વિકાસ આયોગની રચનાની માંગણી સંદર્ભે સરકારને આવેદનપત્ર અપાશે : બ્રહ્મસમાજની માંગણીને કરણી સેના, પાટીદાર અને વૈષ્ણવ સમાજનો પણ ટેકો

ગાંધીનગર તા ૧૯

ગુજરાતના ૬૨ લાખ બ્રાહ્મણો માટે બ્રહ્મ વિકાસ આયોગની રચના કરવા માટે બ્રહ્મ સમાજ આંદોલન સમિતિ દ્વારા વર્ષોથી સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી રહી છે. આમછતા સરકાર કક્ષાએથી કોઈ નિર્ણય ન લેવાતા બ્રહ્મ વિકાસ આયોગ આંદોલન સમિતિ દ્વારા આગામી તા ૨૬ જાન્યુઆરીના રોજ અમદાવાદ ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધી રેલી યોજવામાં આવશે. રેલીના અંતે સરકારને આવેદનપત્ર સુપ્રત કરાશે. આ રેલીમાં ૧ લાખ ભુદેવો જોડાશે. જયારે બ્રહ્મસમાજની આ માંગણીને કરણી સેના , પાટીદાર સમાજ તેમજ વૈષ્ણવ સમાજે પણ ટેકો જાહેર કર્યો હોવાનુ આંદોલન સમિતિએ જણાંવ્યુ છે.

ગુજરાતના ૬૨ લાખ બ્રાહ્મણોના આર્થિક સામાજિક અને સ્વાસ્થય સાંસ્કૃતિક ઉત્કર્ષ માટે બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મ વિકાસ આયોગ રચવાની માંગણી કરી છે. જયારે આ માટે સરકાર સમક્ષ રજુઆત કરવા અને માંગણીને ન્યાય મળે તેવા આશયથી બ્રહ્મ વિકાસ આયોગ આંદોલન સમિતિ પણ લડત આપી રહી છે. બ્રહ્મવિકાસ આયોગ આંદોલન સમિતિના કન્વીનર યજ્ઞેશ દવે , સંગઠન ઈન્ચાર્જ કમલેશ વ્યાસ તેમજ ગુજરાત બ્રહ્મસમાજના મહામંત્રી અશ્વિન ત્રિવેદીએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા ક્ષત્રિય ઠાકોર વિકાસ નિગમ, અનુસુચિત જાતિ વિકાસ નિગમ,આદિવાસી જાતિ વિકાસ નિગમ ગોપાલક વિકાસ બોર્ડ તેમજ મુસ્લિમ વકફ બોર્ડ જેવી સંસ્થાઓની રચના કરવામાં આવી છે. જયારે પાટીદારો પણ અલગ બોર્ડ કે આયોગની રચના અંગે વિચારણા કરી રહયા છે. ત્યારે બ્રહ્મસમાજ દ્વારા પણ આ તબક્કે બ્રહ્મ વિકાસ આયોગની સ્થાપના કરવામાં આવે તેવી માંગણી સરકાર સમક્ષ કરવામાં આવી છે. વર્ષોના અંતે આ માંગણી સંદર્ભે સરકાર કક્ષાએ કોઈ નિર્ણય ન લેવાતા

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ભારતમાં ભારે હિમવર્ષાને પગલે રાજયમાં બર્ફિલી ઠંડીની આગાહી

ગાંધીનગર, તા. ૧૯

જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલે જણાવ્યું હતું કે, ભૌગોલિક બાબતો ગ્રહો તેમજ અન્ય આધારે જોતા હજુ પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની વકી રહેશે અને તિવ્ર ઠંડીનો જોરદાર રાઉન્ડ આવશે. જાન્યુઆરી-૨૦૧૮માં તા. ૨૧ થી ૨૫માં હિમાલયના ભાગોમાં ભારે હિમવર્ષાની સંભાવના રહે. જેની અસર તળે પંજાબ, હરીયાણા, રાજસ્થાન અને ઉત્તર ભારતના ભાગોમાં વાદળવાયુ રહે. જ્યારે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં બર્ફિલી ઠંડીનો રાઉન્ડ આવે અને કોઈ કોઈ ભાગોમાં ન્યૂનત્તમ તાપમાન ૧૦ ડીગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની સંભાવના રહેશે. જેની અસર ઉત્તર તેમજ મધ્ય ગુજરાતના ભાગોમાં જણાય. અમદાવાદના ભાગોમાં પણ ન્યૂનત્તમ તાપમાન ૧૨ ડીગ્રી સેલ્સીયસથી પણ ઘણુ નીચે જઈ શકે. સૂર્યની દક્ષિણક્રાંતિમાં ક્રમશઃ ઘટાડો થાય છે. આથી દિવસના ભાગમાં તાપ રહે. ગત દિવસોમાં રાજ્યના ભાગોમાં વાદળવાયુ, માવઠા જેવુ અને મહત્તમ તાપમાનમાં વધારો થતાં ઉનાળાનો અહેસાસ થાય તેવી ગરમી જણાતી હતી. આવુ ઘણુ કરીને એશીયા ખંડમાંથી આવતા ઠંડા પવનો આકાશની ઉપરના ભાગમાં ઠંડુ હવામાન ન કરતા તેમજ ઉત્તર અરબી સમુદ્રની વિશીષ્ઠ સ્થિતિના લીધે ગરમી જણાતી હતી પરંતુ હવે રાત્રીના ભાગમાં ઉપરના ઠંડા પવનોની અશરો થવાથી સુસવાટા મારતા પવનોની ઠંડીની અસરો વધુ રહે. ઉત્તર તેમજ દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગો કચ્છના ભાગોમાં પણ ન્યૂનત્તમ તાપમાન ઘણુ નીચુ જાય. કોઈ કોઈ ભાગોમાં ન્યૂનત્તમ તાપમાન ૯ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની વકી રહે. ગુજરાતમાં બર્ફિલી ઠંડીનો રાઉન્ડ તા. ૨૧ થી ૨૫નો રહે. ત્યાર પછી પશ્ચિમના વિક્ષેપની અસર થતાં ૨૭ જાન્યુઆરીથી ફેબ્રુઆરીની શરૂઆત સુધીમાં વાદળવાયુ અને માવઠા જેવુ હવામાન થઈ શકે. કમોસમી વરસાદની શક્યતા રહે.

અઢારમી વાર્ષિક પૂણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ



જન્મ તા. ૦૧-૦૩-૧૯૪૧ સ્વ. તા. ૨૦-૦૧-૨૦૦૦

સદગત શેઠ શ્રી જીવણભાઈ માધાભાઈ ચૌધરી (પામોલ) ૧૯૪૧-૨૦૦૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગરના આદ્યસ્થાપક તથા પૂર્વ પ્રમુખ

● આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતો નથી તેમજ પાણી એને ભીંજવતું નથી અને વાયુ સુકવી શકતો નથી.● જેનો જન્મ છે તેનું મરણ નિશ્ચિત છે, તેમજ જેનું મરણ તેનો જન્મ તેટલો જ નિશ્ચિત છે, એટલે અપરિહાર્ય વસ્તુને માટે શોક કરવો તે યોગ્ય નથી.●

લિ.

માતૃશ્રી જોઈતીબા વેલજીભાઈ ચૌધરી શૈક્ષણિક સંકુલ
શ્રી પી.કે. ચૌધરી મહિલા વિનયન કોલેજ
શ્રી ડી.ડી. ચૌધરી ટેક્નીકલ ઈન્સ્ટીટ્યુટ (MCA)
માતૃશ્રી એસ.એમ.ચૌધરી મહિલા અધ્યાપન કોલેજ
શ્રી એચ.જે.ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (B.Ed)
શ્રી વી.એમ.ચૌધરી એમ.એડ.કોલેજ (M.Ed)
શ્રીમતી એસ.એમ.ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ (BCA)
શ્રીમતી જ્યોતિબેન એમ. ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુ.એપ્લી. (BCA)
શ્રી ચૌધરી કોમર્સ કોલેજ (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)
ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ
શ્રી જે.એમ.ચૌધરી સ્કૂલ ઓફ સાયન્સ
શેઠ શ્રી જે.એમ. ચૌધરી ચે. ટ્રસ્ટ, ગાંધીનગર
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય (ઉ.વિ.)
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. માધ્યમિક વિદ્યાલય
શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. પૂર્વ / પ્રાથમિક વિદ્યાલય
શ્રી જે.એમ.ચૌધરી ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ
શ્રીમતી પી.એન.ચૌધરી મહિલા ટેકનીકલ કોલેજ છાત્રાલય
શ્રીમતી આર.એસ.ચૌધરી કન્યા છાત્રાલય
શ્રીમતી વી. પી. ચૌધરી મહિલા વિશિષ્ટ છાત્રાલય
શ્રી જે.વી.દેસાઈ એન્ડ
એન. કે. દેસાઈ મહિલા આર્ટસ છાત્રાલય

નોંધ : તા.૨૦-૦૧-૨૦૧૮ને શનિવારના રોજ પૂણ્યતિથી નિમિત્તે સ્મરણાંજલિ, ભજન તથા તેજસ્વી વિદ્યાર્થી શિષ્યવૃતિ, ઈનામ વિતરણ કાર્યક્રમ બપોરે ૧.૩૦ કલાકે શ્રી જે.એમ.ચૌધરી સાર્વ. કન્યા વિદ્યાલય, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે યોજેલ છે. આ પ્રસંગે સ્નેહીજનોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com